અપીલ અરજી નં.૧૯૪ તા.૧૩–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પી કે. પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈએકટ હેઠળ શ્રી પી કે. પટેલની તા.૪–૮–૧૦ ની અરજીથી (૧)વોર્ડ નં.૧૧ ચોક બજાર ચાર રસ્તા ઉપર સુરત મનપાની માલીકીની જમીન ઉપર આવેલી રામ ભરોસે હોટલથી લઈને એજ લાઈનમાં ભાગા તળાવ હાફીઝ બ્રધર્સની દુકાનો સુધીમાં કેટલી દુકાનો અને મિલ્કતોનું જમીન મનપાએ ભાડા પટ્ટે આપેલી છે. (૨) સદર મિલ્કતદારો અને દુકાનદારોની મુદત કેટલા વર્ષની છે? અને એ કયારે પૂરી થાય છે? એની નામ સરનામા સાથેની સંપૂર્ણ વિગતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૪/૨૦૧૦–૧૧

શ્રી પી કે. પટેલની તા.૪–૮–૧૦ ની અરજીથી (૧)વોર્ડ નં.૧૧ ચોક બજાર ચાર રસ્તા ઉપર સુરત મનપાની માલીકીની જમીન ઉપર આવેલી રામ ભરોસે હોટલથી લઈને એજ લાઈનમાં ભાગા તળાવ હાફીઝ બ્રધર્સની દુકાનો સુધીમાં કેટલી દુકાનો અને મિલ્કતોનું જમીન મનપાએ ભાડા પટ્ટે આપેલી છે. (૨) સદર મિલ્કતદારો અને દુકાનદારોની મુદત કેટલા વર્ષની છે? અને એ કયારે પૂરી થાય છે? એની નામ સરનામા સાથેની સંપૂર્ણ વિગતે માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૦૪ તા.૨૦–૮–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૨૯ તા.૨૧–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમની મુળ અરજીમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીના પત્ર અનુસાર આપેલ જણાય છે. જયારે અપીલમાં તેઓની અલગ રજૂઆત જણાય છે. મુળ માંગેલ માહિતીના અનુસંધાને મળેલ પ્રત્યુત્તર અંગે નારાજગી હોય તો સ્પષ્ટતા કરવા તથા નવી માહિતી આપીલમાં રજૂ ન કરતાં અલગ અરજીથી માંગવાની જોગવાઈ જણાવી અરજદારના અલગ માહિતીના દાવા અન્વયે નિર્દિષ્ટ મિલ્કતો મનપા ધ્વારા ભાડે –ભાડા પટ્ટે આપ્યાના તેઓ પાસે કોઈ પણ આધાર કે વિગતો હોય તો દાવાના સમર્થનમાં રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૯૩૪ તા.૪–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનરશ્રીને તબદીલ કર્યા અંગે પત્ર નંસે.ઝોન/આરટીઆઈ/જાવક/૬૩૪ તા.૬–૮–૧૦ ના પત્રની નકલ તથા ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.ટીપીડી/આ.નં.૧૮૨ તા.૧૧–૮–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી એડી. સીટી ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૦ તા.૨૦–૮–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેથી અપીલ તબકકે પાઠવેલ પત્રના સંદર્ભમાં કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મીહતી માંગતી અરજી મ્યુ. કમિ. સુરતને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક નં.૬૩૪ તા.૬–૮–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ.નં.૧૮૨ તા.૧૧–૮–૧૦ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ આ.નં.૭૦ તા.૨૦–૮–૧૦ થી સેન્ટ્રલઝોનના જમીન મિલકત વિભાગના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં તમારા ધ્વારા માંગવામાં આવેલ વોર્ડ નં.૧૧ ની જમીન/દુકાનો બાબતે કોઈ માહિતી/ રેકર્ડ ઉપલબ્ધ નથી તથા સેન્ટ્રલઝોન ખાતા ધ્વારા કોઈ ભાડુ ઉઘરાવવામાં આવતું નથી.'' તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે મળેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૧૩–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારને આપેલી માહિતીની નારાજગી અંગે ડીમોલીશન કરાયેલ દુકાનો માટેની માંગેલ માહિતીથી અલગ આપવામાં આવેલ વિગત બાબતે તેવં જણાવેલ છે પરંતુ અપીલ તબકકે માંગ્યા છતાં તેવી કોઈ નકલો કે આધાર રજુ કરેલ નથી. વધુમાં અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી ભાડા પટ્ટે આપેલી જગ્યા બાબતે મ્યુ. કોર્પોરેશન પાસે ડીમોલીશન કરાયેલી દુકાનો માટેની માંગેલ માહિતી અલગ આપવાની રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨૯ તા.૨૧–૯–૧૦ ના રોજ અપીલ અરજીમાં તેમની મુળ અરજીમાં માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીના પત્ર અનુસાર આપેલ જણાય છે. જયારે અપીલમાં તેમની અલગ રજૂઆત જણાય છે. મુળ માંગેલ

માહિતીના અનુસંધાને મળેલ પ્રત્યુત્તર અંગે નારાજગી હોય તો સ્પષ્ટતા કરવા તથા નવી માહિતી આપીલમાં રજૂ ન કરતાં અલગ અરજી કરવા જણાવી અલગ માહિતીના દાવા અંગે નિર્દિષ્ટ મિલ્કતો મનપા ધ્વારા ભાડે –ભાડા પટ્ટે આપ્યાના તેઓ પાસે કોઈ પણ આધાર કે વિગતો હોય તો દાવાના સમર્થનમાં રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. તેમજ અરજદારે માંગેલ વિગતો જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ જમીન મિલ્કત વિભાગના સબંધીત ભાગના દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ ૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે તેમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. જયારે અરજદાર અપીલ તબકકે મુળ અરજીથી ડીમોલીશન બાબત હેઠળની માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી પી કે. પટેલ